મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. ની પ્રસ્તુતિ

# દૂધસાગર પત્રિકા

અંક : 11 । વર્ષ - 5 । જૂન - 2026 (સળંગ અંક : 59)

Amul
The Taste of India

DUDH MANSAGAR DAIRY । DUDH MOTISAGAR DAIRY

## દૂધમાનસાગર ડેરી । દૂધ મોતીસાગર ડેરી

## 2021 થી 2025 દિલ્હી ઓપરેશનનું અભૂતપુર્વ પ્રદર્શન



## GOOD MORNING DELHI

# રુપિયાનું સાચું રોકાણ એ છે : જ્યાં રુપિયો - રુપિયાને કમાતો કરે, આજની તારીખે આપણી માનેસર અને ધારુહેડા એનું શ્રેષ્ઠ ઉદાહરણ છે : અશોકભાઈ ચૌધરી





**2021** થી મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘમાં સત્તાના સૂત્રો બદલાયા બાદ ; શ્રી અશોકભાઈ ચૌધરીના નેતૃત્વમાં પ્રથમ દિવસથી જ કરકસર-પ્રામાણિકતા અને રુપિયાનું સાચું રોકાણ જેવી બાબતોને વહિવટીય પ્રણાલિકામાં સર્વોચ્ચ સ્થાન આપવામાં આવ્યું હતું. જેના શુભ પરિણામો આજે સમગ્ર દૂધ સંઘના કાર્યક્ષેત્રમાં જોવા મળી રહ્યા છે. મહેસાણા દૂધસાગર ડેરીમાં કરવામાં આવેલા ફેરફારો અને નવા પાવડર તથા UHT પ્લાન્ટના સાહસો હવે રોકેટ ગતિએ દૂધસાગરને ફાયદો કરાવવા સૂસજ્જ થઈને કાર્યરત થઈ ચૂક્યા છે. સાચી નીતિથી અને સંસ્થાના ઉજ્જવળ ભવિષ્યને લક્ષમાં રાખી લેવામાં આવેલા નિર્ણયો શરુઆતના તબક્કે થોડાક આકરા લાગતા હોય છે. પણ, તેના પરિણામો સરવાળે સૌને શીતળતા પ્રદાન કરતા હોય છે. અશોકભાઈના નેતૃત્વ હેઠળના પ્રથમ નિયામક મંડળના કાર્યકાળ દરમ્યાન રોકાણ કરવામાં આવેલ રુપિયો મૃતપાય (D E A D MONEY) ના થાય તેનું સચોટ ધ્યાન રાખવામાં આવ્યું છે. ૨૦૨૧ થી ૨૦૨૫ ના સમયગાળા દરમ્યાન દૂધસંઘના વિવિધ રાજ્યોમાં આવેલા એકમોમાં પણ જ્યાં રીનોવેશન થી કામ ચાલ્યું છે ત્યાં નવી મશીનરી હોય કે ચણતર કામ નવેસરથી કરવામાં આવ્યું નથી. સામાન્ય ફેરફારો કરી - ઓછા ખર્ચે અનેક મશીનોની ઉત્પાદન ક્ષમતા વધારવામાં આવી છે. તો, ધીમે પગલે પણ મક્કમ ઈચ્છા શક્તિથી આપણા રાજ્ય બહારના એકમોમાં નવા નવા દૂધ ઉત્પાદનોનું સર્જન કરી વધુમાં વધુ વેપાર વધારવાની કવાયત કરવામાં આવી છે. દૂધસાગર પત્રિકાના વાંચકો સંસ્થાની સમગ્રતાને ઘરે બેઠાં જાણી શકે અને તેની વાસ્તવિકતાને સમજી શકે તે માટે ; પત્રિકાના આ કોરા કાગળ સ્વરુપ રસ્તાઓ ઉપર અમો દૂધ માનસાગર ડેરી (માનેસર) અને દૂધ મોતીસાગર ડેરી (ધારુહેડા) ની વર્તમાન સમયની શબ્દયાત્રા મુકી રહ્યા છીએ.

વિતેલા પાંચ વર્ષોમાં આ એકમોમાં કરવામાં આવેલા ફેરફારો, ઉમેરવામાં આવેલા આવિષ્કારો અને લેવાયેલા તમામ નિર્ણયો થી મહેસાણા દૂધસંઘના તમામ પશુપાલક સભાસદો વાકેફ થાય તે માટે સંસ્થાના ચેરમેનશ્રી અશોકભાઈ ચૌધરી હંમેશા આગ્રહી રહ્યા છે. તો ચાલો, આપણે સ્વ. માનસિંહભાઈ સાહેબ અને સ્વ. મોતીબાપુની યાદને અખંડ રાખતી અને રાજધાની દિલ્હીની સરહદને શોભાવતી આપણી આ ડેરીઓની મૂલાકાતે : વાંચકોએ સૌથી પ્રથમ એ જાણવું જરુરી છે કે ; ૨૦૨૧ થી ૨૦૨૫ ના સમયગાળા દરમ્યાન આ ડેરીઓમાં એ નવા દૂધ ઉત્પાદનો ઉમેરવામાં આવ્યા જેની દિલ્હીના બજારમાં ભારે માંગ હતી. આપણું દૂધ વધુમાં વધુ નફો કમાતું થાય તે માટે અધિકારીઓ અને કર્મચારીઓએ ખૂબ અભ્યાસ કરી અનેક નવા દૂધ ઉત્પાદનો સામેલ કરી આ બંને ડેરીઓને સમૃદ્ધ બનાવવાની ભરપૂર કોશિષ કરી છે જેના પરિણામે છેલ્લા પાંચ વર્ષમાં દૂધની આવકમાં સારો એવો વૃદ્ધિદર હાંસલ કર્યો છે તો, ટર્ન ઓવરમાં પણ ભારે ઉછાળો નોંધાયો છે.

વિવિધ મીઠાઈઓ(SWEETS), પનીર(PANEER), તડકા છાશ (TADKA CHHACH), ખીર(KHEER), સફેદ માખણ(WHITE BUTTER), યોગર્ટ(YOGHURT), ગીર ગાયનું દૂધ(GIR COW MILK), પ્રોલાઈફ બટર મિલ્ક(PROLIFE BUTTER MILK) , કાજૂ કતરી(KAJU KATRI) અને લેક્ટોઝ ફ્રી પ્રીમિયમ દહીં (LACTOSE FREE PREMIUM DAHI) જેવા દૂધ ઉત્પાદનો શરુ કરવામાં આવ્યા છે.

## દિલ્હીમાં દૂધના પાઉચ વેચાણની પરંપરાગત વિચારધારાથી ઉપર આઈસ્ક્રીમની આખી નવી દુનિયા ઉભી કરી છે આપણે !!









તો, માનસાગર ડેરી (માનેસર) ખાતે આપણે દિલ્હીના બજારમાં ધૂમ વેચાતી અને ખૂબ જ લોકપ્રિય થયેલી આઈસ્ક્રીમની વિવિધ બનાવટોની આખી શ્રૃંખલાનું સર્જન કર્યું છે. જેમાં સુગર ફ્રી આઈસ્ક્રીમ (SUGAR FREE ICE CREAM), રજવાડી કુલ્ફી, મલાઈ કુલ્ફી, રાજસ્થાની કુલ્ફી અને કશ્મીરી કુલ્ફી, કાજુ કુલ્ફી જેવી સ્વાદની આખી દુનિયાનું વર્ષ ૨૦૨૫ સુધી સર્જન કર્યું છે અને આપણી આ આઈસ્ક્રીમના સ્વાદથી આખી દિલ્હી શીતળતા અનુભવે તે માટે અમૂલની બીજી ૩૫૦ જેટલા ઉત્પાદનો વેચવા માટે અમૂલ મિલ્ક બુથ ઉભા કરી તેના વેચાણની જવાબદારી પણ સંભાળી છે જેનો લાભ સરવાળે મહેસાણા દૂધ સંઘના ગ્રાહકોને જ થવાનો છે. (અમૂલ મિલ્ક બુથની ચર્ચા આપણે આગળ જતાં કરશું)

દૂધસાગર ડેરી જેવી સંસ્થાઓમાં વેપારી બુદ્ધિ ધરાવતા લોકોનો પ્રવેશ થાય ત્યારે તકો ઉભી કરવામાં આવતી હોય છે. અને તકોના સર્જન થકી નવા બજારમાં પ્રવેશ લઈને વેપારનું આખું ખુલ્લું આકાશ સર કરવાની ઈચ્છાશક્તિને મજબૂત કરવાના પ્રયાસો થતા હોય છે. વર્ષ ૨૦૨૧ થી ૨૦૨૬ વચ્ચે દૂધ મોતીસાગર ડેરીમાં દૂધના પાઉચ વેચવાની પરંપરાગત વિચારધારા ઉપર દૂધ અને દૂધની વિવિધ બનાવટો માટે નવી વ્યવસ્થા ઉભી કરવામાં આવી તેની તારીખ સાથેની વિગતો આપણી સામુહિક પ્રગતિનો પૂરાવો પૂરો પાડે છે. માનેસર - ધારુહેડા (દિલ્હી ઓપરેશન) કાર્યક્ષેત્રમાં હાલ વધુમાં વધુ દૂધ સંપાદન કરવા માટે અથાગ મહેનત ચાલી રહી છે. અને, મશીનરીમાં રીનોવેશન, જરુરી મશીનોની ખરીદી, નવા ઉત્પાદનોનો પ્રવેશ થવાથી ૨૦૨૦-૨૧ ની સરખામણી એ આપણે વર્ષ ૨૦૨૫-૨૬ માં વેચાણની જે હરણફાળ ભરી છે.



# દિલ્હી ઓપરેશન : પ્રોડક્ટસ દીઠ વિશ્લેષણ (નાણાંકીય વર્ષ - ૨૦૨૫-૨૬)

- રબડી / ખીર (પ્ર.દિવસ) : 1400 (2025-26)
- દહીં (પ્ર.દિવસ) : 75,400 (2025-26)
- આઈસ્ક્રીમ (પ્ર.દિવસ) : 27,300 (2025-26)
- અમૂલમોતી (પ્ર.દિવસ) : 1,34,700 (2025-26)
- દૂધ (પ્ર.દિવસ) : 13,25,150 (2025-26)
- છાશ (પ્ર.દિવસ) : 56,000 (2025-26)
- પનીર (પ્ર.દિવસ) : 38,04 કિલો
- યોગર્ટ (પ્ર.દિવસ) : 809 કિલો
- મીઠાઈ (પ્ર.દિવસ) : 468 કિલો

દૂધસાગર ભારતનું ગૌરવ

**DELHI OPERATIONS**
**DHARUHEDA I MANESAR**

મહેસાણા દૂધસંઘ થી જેમનું આર્થિક ભવિષ્ય જોડાયેલું છે તે દૂધ ઉત્પાદકોએ વર્ષ ૨૦૨૧ થી ૨૦૨૫-૨૬ સુધીમાં કરાયેલા અન્ય દૂધ ઉત્પાદનોના સમાવેશથી આપણે દિલ્હી NCR (ધારુહેડા-માનેસર) ખાતેના આપણા પ્લાન્ટોની પૂર્ણ ક્ષમતામાં ઉપયોગ કરી રહ્યા છીએ અને, માત્ર ઉપયોગ જ નહીં - રાજધાની દિલ્હીના સ્વાદ પ્રમાણે ઉત્પાદનો બનાવી વેલ્યુએબલ પ્રોડક્ટના ઉત્પાદન થકી ઉત્તમ નફો પણ કમાઈ રહ્યા છીએ. અને, અહીંના એકમો નજીકના ભવિષ્યમાં વધુ ફાયદાકારક બને તેની કવાયત ચાલુ છે.

મહેસાણા દૂધસંઘના દિલ્હી ઓપરેશન્સ હેઠળ માનેસર ધારુહેડા ડેરીઓ ખાતે સ્થાનિક કક્ષાએ વધુમાં વધુ દૂધ સંપાદન થાય તે માટે યુધ્ધના ધોરણે ત્યાંના ગ્રામીણ વિસ્તારોમાં અમૂલ આકર્ષણ ઉભુ કરી દૂધ ઉત્પાદકોને આપણી ડેરીમાં દૂધ ભરાવવાના ફાયદાઓ સમજાવી - ગ્રામીણ કક્ષાએ નવા નવા મિલ્ક કલેક્શન સેન્ટર ઉભા કરવા ત્યાંનો CS સ્ટાફ તનતોડ મહેનત કરી રહ્યો છે અને, તેનું હકારાત્મક પરિણામ પણ આપણને પ્રાપ્ત થઈ રહ્યું છે.





# સાગરના સૂકાનીઓનું એક સૂત્ર : પહેલાં મશીન અપગ્રેડ થતું હોય તો એ, કરો ! જરુરી નવા મશીન ખરીદીના ફાયદા જણાવો ?

શ્રી અશોકભાઈ ચૌધરીના નેતૃત્વમાં મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘમાં આજ સુધી બે નિયામક મંડળો અસ્તિત્વમાં આવ્યા છે. પણ, આ બંને નિયામક મંડળોના સમયગાળા દરમ્યાન ખરીદીની બાબતમાં એક સિધ્ધાંત કોમન રહ્યો છે. કે પ્રથમ કરકસર અને પશુપાલકોને ફાયદો થતો હોય તો ઉદારતાથી વસાવો. ત્યારે વિતેલા પાંચ વર્ષમાં માનેસર - ધારુહેડા ખાતે પૂર્ણ થયેલ કામગીરી અને તેના ફાયદાઓ વિશે પણ દૂધસાગરના આત્મા સ્વરુપ પશુપાલકોને અવગત કરાવવા એને પણ આ નેતૃત્વ પોતાનો ધર્મ માને છે.

| નાણાંકીય વર્ષ | પ્રોજેક્ટ | પરિણામ | લાભ |
|---|---|---|---|
| ૨૦૨૧-૨૨ | વાલ્વ કલસ્ટર સાથેના નવા ૦૨ દૂધના સાયલો (SILO) વસાવવામાં આવ્યા | પાશ્ર્ચોરાઈઝડ દૂધ સંગ્રહ કરવાની ક્ષમતા અગાઉ ૩૨૦ KL હતી. તે વધીને ૫૨૦ KL થઈ | દૂધ હેન્ડલિંગ અને સંગ્રહ ક્ષમતામાં વધારો થવાની સાથે ઉત્પાદકતામાં સુધારો અને યુટિલિટીની બચત થવા પામી |
| ૨૦૨૩-૨૪ | ૫ KL છાસ (Butter Milk) ચિલર વસાવવામાં આવ્યા | છાસ પ્રોસેસિંગ અને પેકીંગની આધુનિક સુવિધા મળી | તાપમાન ૪° c થી નીચે રાખીને FSSAI ના નિયમોનું પાલન થયું |
| ૨૦૨૩-૨૪ | ૫ KLPH (પ્રતિ કલાક કિલો લિટર) દહીં દૂધ પ્રોસેસીંગ પ્લાન્ટ | દહીં ઉત્પાદન ક્ષમતા અગાઉ 30 MTPD (મેટ્રીક ટન પ્રતિ દિવસ) તે વધીને ૬૦ MTPD થવા પામી | બજારની માંગ સમયસર પુરી કરવામાં સંસ્થાને સફળતા મળી |
| ૨૦૨૩-૨૪ | UHT વિભાગમાં ૦૧ નવી ૪ હેડલાઈન ફીડર મશીન સૂસજ્જ કરવામાં આવ્યા | UHT દૂધ પેકીંગ ક્ષમતા અગાઉ ૧.૯૦ LLPD (લાખ લિટર પ્રતિ દિવસ) થી વધીને ૨.૨૦ LLPD થવા પામી | નાના પેકની બજાર માંગને સંતોષ આપી શકાયો અને સ્ટિરિલાઈઝરના મહત્તમ ઉપયોગ દ્વારા પેકીંગ ક્ષમતામાં વધારો થયો |
| ૨૦૨૩-૨૪ | આઈસ્ક્રીમ ક્ષમતાના ફેઝ-૧ નું વિસ્તરણ કરવામાં આવ્યું | આઈસ્ક્રીમ ઉત્પાદનની અગાઉની ક્ષમતા ૫૦ KLPD હતી જે વધીને ૮૦ KLPD થવા પામી | આઈસ્ક્રીમ ના નવા-નવા વેરિઅન્ટ્સ બજારમાં મૂકી શક્યા અને મહત્તમ ઉપયોગ દ્વારા પેકીંગ ક્ષમતામાં વધારો કરી શક્યા |
| ૨૦૨૩-૨૪ | દૂધ પેકીંગ માટે ૨ નવા હાઈસ્પીડ પેકીંગ મશીન વસાવવામાં આવ્યા | દૂધ પાઉચ પેકીંગની અગાઉ ક્ષમતા ૭.૫ LLPD હતી તે વધીને ૮.૫ LLPD થવા પામી | આ સુવિધાથી દૂધના વજનમાં, ઉત્પાદનના સાતત્યમાં, અને બચત સાથે કામ ઝડપી બન્યું |
| ૨૦૨૩-૨૪ | SKADA - પ્રોસેસ કંટ્રોલ રુમમાં PLC અપગ્રેડેશન | પ્રોસેસ, દહીં, UHT અને આઈસ્ક્રીમ વિભાગમાં થયેલા વિસ્તરણને કારણે અપગ્રેડેશન જરુરી હતું | કામગીરીમાં સુધારો થયો અને ભવિષ્યમાં વધુ વિસ્તરણ કરવાની ક્ષમતા વધી |
| ૨૦૨૩-૨૪ | પેલેટાઈઝેશન દ્વારા અમૂલ મોતી ડિસ્પેચ | માનવશક્તિ (મેનપાવર) ની બચત થવાની સાથે લોડિંગનો સમય ૦૨ કલાકથી ઘટીને 30 મિનિટ થયો | ડિસ્પેચ ક્ષમતા વધી અને લીકેજની ફરિયાદો શૂન્ય થવા પામી હવે, ૩.૫ LLPD ડિસ્પેચ કરી શકાય છે |
| ૨૦૨૨-૨૬ | બધાજ ઉત્પાદન વિભાગની ડ્રેઈન લાઈન બદલવામાં આવી | જૂની અને નાની ડ્રેઈન લાઈન બદલી નવી મોટી HDPE લાઈન નાખવામાં આવી | ઓવરફ્લોની સમસ્યા ઘટવાની સાથે પ્લાન્ટમાં સસ્તા અને પ્રવાહીનો વ્યવસ્થિત નિકાલ થયો |
| ૨૦૨૩-૨૬ | ત્રણ નવા બોરવેલ બનાવવામાં આવ્યા | તબક્કાવાર રીતે 3 નવા બોરવેલ ડ્રિલ કરવામાં આવ્યા | બહારથી ખરીદવામાં આવતા પાણીનો ઘટાડો થયો અને અંદાજે ૪૪% ની બચત થવા પામી |











## દિલ્હીના દરવાજે ...
## દસ્તક દેતી - આપણી આ ડેરીઓ બોલે છે : અમારી ખુશહાલી ક્યાંક આસપાસ છે !!

વર્ષ ૨૦૨૧ થી આમ તો, મહેસાણા દૂધ સંઘ જ્યાં જ્યાં પોતાની પાંખો ફેલાવીને વિસ્તર્યો છે તેવા તમામ એકમો ઉપર ઓછા ખર્ચે - ઉત્તમ અને વધુ ઉત્પાદન થાય તે માટે ખર્ચ ઘટાડવાના અનેક પ્રયાસ કરવામાં આવ્યા છે. » દિલ્હીના માનેસર પ્લાન્ટ ખાતે તા.૨૫-૦૧-૨૦૨૩ થી ડીઝલના સ્થાને PNG ગેસ લાઈન શરુ કરવામાં આવી છે અને બંને બોઈલર સફળતા પૂર્વક PNG ઉપર શરુ થયા છે. ૨૦૦૦ KVA અને ૧૫૦૦ KVA ના DG (જનરેટર) પણ PNG સાથે સફળતા પૂર્વક શરુ થયા છે. » માનસાગર ડેરી ખાતે ૨૫૦૦ KVA ની ક્ષમતાનું નવું ટ્રાન્સફોર્મર ઈન્સ્ટોલ કરવામાં આવ્યું છે. હવે, દહીં અને આઇસ્ક્રીમના વિસ્તરણ મુજબ ભવિષ્યની જરુરીયાતો પૂરી કરવા માટે કુલ ક્ષમતા ૩૯૦૦ KVA છે. » માનેસર ખાતે દહીંની દૈનિક ક્ષમતા 30.0 MT થી વધારીને ૬0.0 MT કરવામાં આવી છે. નવું ૫ KLPH ક્ષમતાનું દહીં મિલ્ક પેશ્ચુરાઈઝર, હોમોજેનાઈઝર અને દહીં મિલ્ક સ્ટોરેજ ટેન્ક ઈન્સ્ટોલ કરવામાં આવ્યું છે. નવો ઈન્ક્યુબેસન રુમ, ફાસ્ટ કુલિંગ રુમ અને નવો દહીં કોલ્ડ સ્ટોરેજ પ્રોજેક્ટ પૂર્ણ થયો છે. અહીં ઉલ્લેખનીય છે કે ; તા.૦૨-૦૧-૨૦૨૪ ના રોજ માનેસર ખાતે કાર્યરત જૂનો ૨ KLPH દહીં પ્લાન્ટ માનેસર થી હંસાપુર (પાટણ) ખાતે લાવીને તેનો ઉપયોગ પણ સુપેરે કરવામાં આવી રહ્યો છે. » હાલના GC - FID ના અપગ્રેડેશનને કારણે ટેસ્ટીંગ ક્ષમતા ૧૮ સેમ્પલથી વધારીને ૩૬ સેમ્પલ થવા પામી છે. » દિલ્હીના બજારમાં આપણી આઈસ્ક્રીમને ગ્રાહકોનો ભારે પ્રતિસાદ સાંપડી રહ્યો હોઈ આઈસ્ક્રીમના ઉત્પાદનને વધારવા જઈ રહ્યા છીએ જેના નવા સિવીલ બિલ્ડીંગનું કામ તા.૧૫-૦૪-૨૦૨૫ થી શરુ કરવામાં આવ્યું છે. » આપણી આ બંને ડેરીઓ - દૂધ માનસાગર (માનેસર) અને દૂધ મોતીસાગર (ધારુહેડા) બંને સ્તરોએ પેથોજેન્સ ટેસ્ટીંગ પદ્ધતિ દાખલ કરવામાં આવી છે જેમાં દૂધ અને દૂધની બનાવટો માટે RT - PCR પદ્ધતિ તેમજ પરંપરાગત પ્લેટિંગ પદ્ધતિ દ્વારા પરિક્ષણ કરવામાં આવે છે. » દૂધના ઘન પદાર્થોનું નુકશાન અને બગાડ અટકાવવા માટે તમામ પ્રાઈમિંગ લાઈનોને ફ્લો પ્લેટ દ્વારા ડમ્પ ટેન્ક સાથે જોડવામાં આવી છે. » આઈસ્ક્રીમમાં કલાકના ૧૨૦૦૦ સ્ટીકની ક્ષમતા ધરાવતું નવું રાઉન્ડ શેપ સ્ટીક કુલ્ફી મશીન ૨૦૨૪ ના વર્ષમાં ઈન્સ્ટોલ કરવામાં આવ્યું છે તેમજ તા.૦૮-૦૧-૨૦૨૪ ના રોજ નવા આઈસ્ક્રીમ કપ અને ટબ ફિલીંગ મશીનો શરુ કરવામાં આવ્યા છે. » તા.૧૭-૦૫-૨૦૨૪ ના રોજ માનેસર ખાતે બટર મિલ્ક ચીલર ઈન્સ્ટોલ કરી તેને શરુ કરવામાં આવ્યું છે.

ઉત્પાદનની સાથે - સાથે સંસ્થાના ચેરમેનશ્રીના નેતૃત્વમાં દિલ્હીના માનેસર પ્લાન્ટ ખાતે લેવાયેલા થોડાક વહિવટીય સુઝબુઝ ધરાવતા નિર્ણયોથી આપણે વિતેલા પાંચ વર્ષોમાં અહીં કુલ ૧૭,૪૩,૧૮,૦૦૦ કરોડ રુપિયાની માતબર રકમ બચાવી શક્યા છીએ. તેની ગૌરવવંતી ઝલક નીચે પ્રમાણે છે.

| ક્રમ | વિગત | બચત (રુપિયામાં) |
|---|---|---|
| ૧ | અહીં ત્રણ ટ્યુબવેલ યોગ્ય રીતે કાર્યરત છે અને દરરોજ ૧.૫ લાખ લિટર પાણી કાઢે છે જેની દૈનિક ૭૫ હજારની બચત થાય છે જે મહિને ૨૦ લાખ રુપિયા બચાવે છે | ૨૪,૦૦,૦૦૦ |
| ૨ | તા.૦૧-૧૧-૨૦૨૪ સુધી PNG દર રુ.૬૮.૦/SCM હતી. ચેરમેનશ્રીના અંગત પ્રયત્નોથી હરિયાણા સીટી ગેસે દર ઘટાડીને રુ.૫૫.૦/SCM કર્યો છે જેનાથી મહિને રુ.૩.૨૫ લાખનો ફાયદો થાય છે | ૩૯,૦૦,૦૦૦ |
| ૩ | ETP ઓપરેશન કોન્ટ્રાક્ટ દૂર કરવામાં આવ્યો અને ૨૦૨૨ થી આંતરિક મેનપાવરના ઉપયોગથી વર્ષે ૩.૮૨ લાખની બચત થવા પામી | ૧૩,૩૭,૦૦૦ |
| ૪ | ૨૦૨૧ માં જોહન્સન ડાયવર્સી નું સોલ્યુશન બંધ કરી કોસ્ટિકલાઇ નો ઉપયોગ શરુ કરવાથી વર્ષે રુ.૧૦ કરોડની બચત થવા પામી | ૫,૦૦,૦૦,૦૦૦ |
| ૫ | પાઉચ સેક્શન / દહીં અને છાસમાં O/M કોન્ટ્રાક્ટ નાબુદ કરી જુલાઈ ૨૦૨૪ થી HRS મેનપાવર અમલમાં મુકવાથી પ્રતિ કેરેટે રુ.૦.૪૦ ની બચત થઈ | ૧,૭૫,૬૬,૦૦૦ |
| ૬ | ચેરમેન સાહેબના અંગત પ્રયત્નોથી એક ખાસ કિસ્સામાં તા.૩૦-૦૭-૨૦૨૫ ના રોજ PNG ગેસ VAT ની સબસિડી મળી | ૩૭,૮૫,૦૦૦ |
| ૭ | વજનમાં થતું નુકશાન રોકવા માટે દૂધ પાઉચ, દહીં, આઈસ્ક્રીમ અને UHT સેક્શનમાં SPC (Statistical Process Control) લાગુ કરવામાં આવ્યું | ૪,૬૬,૦૦,૦૦૦ |
| ૮ | ૦.૭૫૦ KW સોલાર સિસ્ટમ ઈન્સ્ટોલ કરવામાં આવી ( AMC ખર્ચ બાદ કરીને બચત ગણવામાં આવી છે) | ૩,૨૪,૦૦,૦૦૦ |
| | **અંદાજિત કુલ બચત** | **૧૭,૪૩,૧૮,૦૦૦** |




આજ રીતે, સ્વ.મોતીબાપુના ચરણોમાં સમર્પિત કરવામાં આવેલ ધારુહેડા ખાતે આવેલ દૂધ મોતીસાગર ડેરીમાં પણ શ્રી અશોકભાઈ ચૌધરીના નેતૃત્વમાં - સ્વ.મોતીબાપુના સ્વભાવ પ્રમાણેના જ કરકસરયુક્ત નિર્ણયો લેવાયા છે. જેના પરિણામ સ્વરુપ વિતેલા પાંચ વર્ષોમાં અનેક નાના-મોટા કોઠાસુઝથી લેવાયેલા નિર્ણયોને પગલે રુ.૧૭,૨૯,૦૦,૦૦૦ ની સંસ્થા માતબર બચત કરી શકી છે. જે અમારા વાંચકો નીચે જોઈ શકે છે :

| ક્રમ | વિગત | બચત (રુપિયામાં) |
|---|---|---|
| ૧ | જુનું માખણ બનાવવાનું મશીન લગાવીને સફેદ માખણનું ઉત્પાદન શરુ કર્યું. જેના કારણે દિલ્હીથી RCM લાવવાના પરિવહન ખર્ચમાં ઘટાડો થયો | ૮,૦૦,૦૦૦ |
| ૨ | જાન્યુઆરી ૨૦૨૫ માં ૧.૦૫ મેગાવોટ (MW) ની સોલાર સીસ્ટમ લગાવીને કાર્યરત કરી | ૧,૧૮,૦૦૦ |
| 3 | વર્ષ ૨૦૨૧ માં જોહન્સન ડાયવર્સીના CIP સોલ્યુશનનો ઉપયોગ બંદ કર્યો અને તેની જગ્યાએ કોસ્ટિકલાઈ (Caustic Lye) શરુ કર્યું. જેનાથી વર્ષે ૧ કરોડની બચત થવા પામી | ૬,૨૬,૦૦,૦૦૦ |
| ૪ | જૂલાઈ ૨૦૨૪ થી દૂધ પેકીંગ મશીનનો ઓપરેશન અને મેન્ટેનન્સ કોન્ટ્રાક્ટ રદ કરી તેના બદલે HRS મેનપાવર દ્વારા કામગીરી શરુ કરી | ૫૦,૦૦,૦૦૦ |
| ૫ | ડિસેમ્બર ૨૦૨૩ થી દૂધના પાઉચ, દહીં, આઈસ્ક્રીમ અને UHT વિભાગમાં ઓવર વેઈટ લોસ (વધારે વજન) ને નિયંત્રિત કરવા માટે SPC (Statistical Process Control) સિસ્ટમ અમલમાં મૂકવામાં આવી | ૧,૩૫,૦૦,૦૦૦ |
| | **અંદાજિત કુલ બચત** | **૧૭,૨૯,૦૦,૦૦૦** |

ગુજરાતીમાં એક કહેવત છે "ત્રેવડ એ ત્રીજો ભાઈ છે " દિલ્હીની આપણી આ બે ડેરીઓમાં નિયામક મંડળના માર્ગદર્શન હેઠળ આપણા ઉમદા અધિકારીઓ તથા એન્જીનિયરોએ સામાન્ય બોલ્ટ બદલીને પણ ઉત્પાદનમાં વૃદ્ધિ થતી હોય ત્યાં તે જ રીતે કામ કર્યું છે અને પરિણામે આ બંને એકમો પોતાના એક નવા ભવિષ્યનું નિર્માણ પોતાના સ્વહસ્તે લખી રહી છે.







**હવે, દિલ્હીના દિલમાં ... દૂધસાગર !! 52 આઉટલેટ્સમાં અમૂલના 350 થી વધુ ઉત્પાદનના વેચાણની જવાબદારી આપણે સંભાળીએ છીએ.**

દિલ્હીથી મેરઠ સુધીના સ્ટેશન હોય કે દિલ્હીની આસપાસ પથરાયેલા HPCL પેટ્રોલપંપ હોય, કોનાર્કપ્લેસ જેવા વૈભવી વિસ્તારો કે દિલ્હી NCR જેવા ઔદ્યોગિક એરિયા-જો તમને અહીં અમૂલ મિલ્ક બુથ ની લાલિમા દેખાય તો સમજજો એની જવાબદારી આપણી દૂધસાગર ડેરી સંભાળી રહી છે. M C D ( મ્યુનિસીપલ કોર્પોરેશન ઓફ દિલ્હી) દ્વારા અગાઉ જ્યાં કચરાપેટીઓ મુકવામાં આવતી હતી તે જગ્યાઓ સફાઈના નવા નિયમો પ્રમાણે હાલમાં બિનજરુરી બની ચૂકી છે. દિલ્હીના આ કોર્નરોને દૂધસાગર ડેરીએ જાણે દત્તક લઈ લીધા છે અને ત્યાં સાફ સફાઈ કરી સુંદર દેખાવ સાથેના અમૂલના આઉટલેટ્સ મુકી જાણે THE TEST OF INDIA નો સ્વાદ સમગ્ર દિલ્હીમાં પહોંચાડવાનો સંકલ્પ લઈ લીધો છે. અત્યારે દિલ્હીમાં 34, દિલ્હી - મેરઠ RRTS કોરિડોર ખાતે - 5, HPCL પેટ્રોલપંપો ઉપર - 10, અમૂલ આઈસ લોન્જ- 2 અને અમૂલ ઓર્ગેનિક શોપ - 1 . એમ કુલ 5 2 આઉટલેટ્સ ઉપર મહેસાણા દૂધસંઘની જવાબદારી સાથે આપણે રાજધાની દિલ્હીમાં પણ રીટેલશોપ ચલાવી આપણા છ લાખ પશુપાલકોના આર્થિક હીત માટે નવા ભવિષ્યનું નિર્માણ કરી દિલ્હીના ઉગતા સૂર્યને રોજ સવારે કહી રહ્યા છીએ :

**GOOD MORNING DELHI**

# The Success Story of Dudhsagar

# EMBRYO TRANSFER

**ભ્રુણ પ્રત્યારોપણમાં દૂધસાગરને ભારે સફળતા : ઉત્તમ ઓલાદના પશુઓ હવે આપણા હાથમાં**

## અલ્લક - મલ્લક - છલ્લક - છલ્લક - દૂધસાગર



ચૌધરી ગનીબેન વિરમભાઈ (રીંછડા)



પટેલ ધર્મિષ્ઠાબેન વિમલભાઈ (હાંસાપુર)



પટેલ રમેશભાઈ શંકરભાઈ (માલોસણ)



ચૌધરી રાહુલભાઈ કરશનભાઈ (ફતેહપુરા)



ચૌધરી ભીખાભાઈ હેમરાજભાઈ (ફતેહપુરા)



ચૌધરી લવજીભાઈ ચેલાભાઈ (ઉમરેચા)



ચૌધરી પ્રવિણભાઈ કાનજીભાઈ (વિઠોડા)



ચૌધરી મધુબેન લાલજીભાઈ (ફતેહપુરા)



મહેસાણા દૂધ ઉત્પાદક સંઘ લી.

પશુઓમાં એમ્બ્રિઓ ટ્રાન્સફર (ET) એટલે કે ; ભ્રુણ પ્રત્યારોપણ એ પશુપાલન અને ડેરી ઉદ્યોગ માટે એક ક્રાંતિકારી વૈજ્ઞાનિક પદ્ધતિ છે. આ ટેક્નોલોજીને સરળ શબ્દોમાં કહીએ તો પશુઓ માટેની "સરોગસી" (Surrogacy) જેવી જ પ્રક્રિયા છે.

આ એક ઉચ્ચ સ્તરની પ્રજનન તકનીક (Advanced Reproductive Technology) છે. સામાન્ય રીતે એક ઉત્તમ ઓલાદની ગાય કે ભેંસ તેના આખા જીવનકાળમાં માત્ર ૮ થી ૧૦ બચ્ચાંને જ જન્મ આપી શકે છે. પરંતુ આ પદ્ધતિ દ્વારા તે જ ઉત્તમ ગાય પાસેથી એક જ વર્ષમાં સંખ્યાબંધ ઉત્તમ બચ્ચાં મેળવી શકાય છે. આ પ્રક્રિયા કેવી રીતે કામ કરે છે. આવો ... જાણીએ

¤ **સુપર ઓવ્યુલેશન (Super Ovelation) :** આ વૈજ્ઞાનિક પદ્ધતિમાં સૌથી પહેલાં વધુ દૂધ આપતી અને ઉચ્ચ ગુણવત્તાવાળી ગાય / ભેંસ (જેને દાતા અથવા Donor કહેવાય છે) તેને ખાસ હોર્મોન્સના ઈન્જેક્શન આપવામાં આવે છે આનાથી તેના શરીરમાં એક સાથે ઘણા બધા ઈંડા (Ovum) બને છે.

¤ **કૃત્રિમ ગર્ભાધાન (Artificial Insemination) :** આ પ્રક્રિયામાં ઉચ્ચ ગુણવત્તાવાળી ગાયને શ્રેષ્ઠ ઓલાદના આખલાના વીર્ય (Semen) દ્વારા કૃત્રિમ ગર્ભાધાન કરાવવામાં આવે છે.

¤ **ભ્રુણ મેળવવો (Flushing) :** ગર્ભાધાનના લગભગ ૭ દિવસ પછી, ગાયના ગર્ભાશયમાંથી વૈજ્ઞાનિક પદ્ધતિથી (ઓપરેશન કર્યા વગર) તૈયાર થયેલા ભ્રુણોને બહાર કાઢવામાં આવે છે.

¤ **ભ્રુણ પ્રત્યારોપણ (Transfer) :** ઉપરની પદ્ધતિથી મેળવેલા ઉત્તમ ભ્રુણને સામાન્ય અથવા ઓછું દૂધ આપતી અન્ય ગાયો (જેને સરોગેટ અથવા Recipient કહેવાય છે) ના ગર્ભાશયમાં ટ્રાન્સફર કરવામાં આવે છે.

¤ **બચ્ચાનો જન્મ :** સરોગેટ ગાય આ ભ્રુણને નવ મહિના સુધી સાચવે છે અને બચ્ચાંને જન્મ આપે છે. જન્મેલું બચ્ચું આનુવંશિક રીતે (Genetically) સંપૂર્ણપણે ઓરિજીનલ "દાતા" ગાય અને આખલા જેવું જ હોય છે. જે સરોગેટ ગાયના ગુણો ધરાવતું નથી. એમ્બ્રિયો ટ્રાન્સફરથી જન્મેલી વાછરડીઓ ૧૨ મહિને ગાભણ થઈ ૨૧ મહિને વિયાણ પામે છે.

મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘના ચેરમેનશ્રી અશોકભાઈ ચૌધરી અને MD શ્રી ધીરજકુમાર ચૌધરી સાથે સમગ્ર નિયામક મંડળના અથાગ પ્રયત્નોથી દૂધસાગર ડેરીના કાર્યક્ષેત્રના પશુપાલકો વધુમાં વધુ સંખ્યામાં આ વૈજ્ઞાનિક પદ્ધતિનો લાભ લેતા થાય તે માટે તમામ દૂધ મંડળીઓમાં પશુપાલકોને આ અંગે જાગૃત કરવાનું અને તેમના મનમાં રહેલી શંકા-કુશંકાઓ દૂર કરવાનું અભિયાન હાથ ધરવામાં આવ્યું. દૂધસાગર ડેરીના વેટરનરી વિભાગે આ કાર્યને પડકાર સ્વરુપે સ્વિકારી તેમાં પૂર્ણ સફળતા મેળવવાનો સંકલ્પ કરી લીધો તથા મેનેજમેન્ટ દ્વારા આ ગર્ભપ્રત્યારોપણના પ્રત્યેક ડોઝની કિંમત રુપિયા ૫૦૦૦ હતી. તે, ઘટાડીને રુ.૨૫૦૦ કરવામાં આવી. આ સાથે, પશુપાલકોને વિશ્વાસમાં લેવા આ ઘટાડેલી કિંમત પણ ગાય ગાભણ થાય તો જ આપવાની - નહીંતર, પૈસા જતા કરવાની પોલીસી ઘડીને વધુમાં વધુ પશુપાલકોને આકર્ષિત કરવામાં આવ્યા. જેના પરિણામ સ્વરુપ છેલ્લા ૪ વર્ષોમાં આપણા કાર્યક્ષેત્રમાં આવી ઉત્તમ ઓલાદની વાછરડીઓને આપણે પેદા કરી શક્યા છીએ. જે નીચે જોઈ શકો છો.

## એમ્બ્રિયો ટ્રાન્સફરનો (ET) નો વર્ષ પ્રમાણેનો સારાંશ

| વિગત | ૨૦૨૨-૨૩ | ૨૦૨૩-૨૪ | ૨૦૨૪-૨૫ | ૨૦૨૫-૨૬ |
|---|---|---|---|---|
| ET (એમ્બ્રિયોટ્રાન્સફર) | ૨૨૯ | ૪૭૬ | ૬૨૮ | ૫૫૧ |
| PD ચેક (ગર્ભધારણ તપાસ) | ૨૨૯ | ૪૭૬ | ૬૨૮ | ૪૪૩ |
| PD+VE (પોઝેટીવ ગર્ભધારણ) | ૪૦ (૧૭.૪%) | ૭૧ (૧૪.૯%) | ૧૩૦ (૨૦.૭%) | ૯૫ (૨૧.૪૪%) |
| જન્મ આપવો/વિયાવણ (Claving) | 30 | ૫૮ | ૧૧૧ | ૧૭ |
| વાછરડી (Female Calf) | ૨૭ | ૫૦ (૧ જોડકું)* | ૯૮ | ૧૭ |
| વાછરડો (Male Calf) | 3 | ૯ | ૧૩ | ૦ |
| વિયાવણ બાકી (Calving Pending) | ૦ | ૦ | ૦ | ૭૮ |

દૂધસાગર પત્રિકાના વાંચકો ઉપરોક્ત રેકોર્ડ પરથી જોઈ શકે છે કે; એમ્બ્રિયો ટ્રાન્સફર (ET) ની આ વૈજ્ઞાનિક પદ્ધતિમાં આપણને ભારે સફળતા મળી રહી છે. ૨૦૨૨-૨૩ થી આપણા કાર્યક્ષેત્રમાં કરવામાં આવેલ આ પ્રયોગમાં ધીમે ધીમે આપણને ઉત્સાહજનક પરિણામો પ્રાપ્ત થઈ રહ્યા છે. આ લેખની શરુઆતમાં જે પશુપાલકોના ફોટો મુકવામાં આવ્યા છે તેમને ત્યાં આ ઉત્તમ ઓલાદનો જન્મ આ વૈજ્ઞાનિક પદ્ધતિથી થયો છે જેમાં તમામ વાછરડીઓ ૨૦ થી ૨૪ મહિને વિયાણ આપી - દૂધ આપતી થઈ જશે. તેમજ, તેમનું પ્રથમ વેતરથી જ દૂધ એવરેજ ૨૫ લિટરની આસપાસ જોવા મળશે.

| પશુપાલકનું નામ | મોબાઈલ નંબર | માતાનું દૈનિક દૂધ | ET દ્વારા જન્મેલ વાછરડીનું પહેલા વેતરનું દૈનિક દૂધ |
|---|---|---|---|
| ભરતભાઈ એન. ચૌધરી | 9825124518 | ૧૬ લિટર (૧લું વેતર) | ૨૦ લિટર |
| રાહુલભાઈ કે. ચૌધરી | 7698360435 | ૧૯ લિટર (૧લું વેતર) | ૩૨ લિટર |
| ચેતનભાઈ જે. ચૌધરી | 9408383865 | ૧૬ લિટર (૧લું વેતર) | ૨૪ લિટર |
| ગનીબેન વી. ચૌધરી | 9978946304 | ૧૪ લિટર (૨ જું. વેતર) | ૨૦ લિટર |
| લાલાજી પી. ચૌધરી | 9316847214 | ૧૫ લિટર (૨ જું. વેતર) | ૨૪ લિટર |
| પ્રવીણભાઈ કે. ચૌધરી | 9726472737 | ૧૬ લિટર (૧ લું. વેતર) | ૨૦ લિટર |
| ભીખાભાઈ એચ. ચૌધરી | 8758813154 | ૨૨ લિટર (૩ જું. વેતર) | ૨૦ લિટર |
| રાકેશભાઈ પી. પટેલ | 8200596132 | ગાય વેચાઈ ગયેલ છે | |
| શર્મિષ્ઠાબેન જે. પટેલ | 9558047256 | ૨૦ લિટર (૩ જું. વેતર) | ૨૦ લિટર |
| પાનીબેન કે. ચૌધરી | 9687961029 | ૧૪ લિટર (૧ લું. વેતર) | ૨૨ લિટર |
| PSK -2 (જગુદણ) | 8128673944 | ૮ લિટર (૧ લું. વેતર) | ૨૫ લિટર |
| રમેશભાઈ એસ. પટેલ | 9825113877 | ૨૦ લિટર (૧ લું. વેતર) | ૨૬ લિટર |
| ધર્મિષ્ઠાબેન વી. પટેલ | 7621047660 | ૦૪ લિટર (૧ લું. વેતર) | ૩૦ લિટર |
| લવજીભાઈ સી. ચૌધરી | 9426356788 | ૧૮ લિટર (૨ જું. વેતર) | ૨૦ લિટર |

# EMBRYO TRANSFER

આ ભ્રુણ પ્રત્યારોપણની વૈજ્ઞાનિક પદ્ધતિ દૂધસાગર ડેરીના કાર્યક્ષેત્રમાં વધુમાં વધુ પશુપાલકોનો આવકાર મેળવે અને સૌ તેને અપનાવતા થાય તો નજીકના ભવિષ્યમાં જ સાચા અર્થમાં આપણી દૂધસાગર દૂધથી છલકાઈ જાય તેવું દ્રઢપણે દૂધસાગર ડેરીના ચેરમેનશ્રી અશોકભાઈ ચૌધરી માની રહ્યા છે. આ અંગે દૂધસાગર પત્રિકાને તેઓ તરફથી EMBRYO TRANSFER અંગે પશુપાલકો સાથે સંવાદ સ્વરુપ એક પત્ર અમને આપ્યો છે જે અક્ષરસહ : છાપી રહયા છીએ.



સન્માનનીય, પશુપાલક મિત્રો.

મારા છ વર્ષના અનુભવને આધારે - મને સમજાયું છે કે ; દૂધના આ વ્યવસાયને વધુ સમૃદ્ધ કરવા આપણે બધાએ પરંપરાગત પદ્ધતિઓથી થોડુંક અલગ થઈને વિચારવાનો હવે સમય આવી ગયો છે. "ઓછા પશુઓ - અને - વધુ દૂધ " આ જ સૂત્ર હવે, અપનાવવું રહ્યું !! આજ સુધી આપણે આ વ્યવસાયને કરતા તો આવ્યા છીએ પણ- પશુપાલકોને હું જ્યારે મળુ અને થોડો તેમની વાતોમાં ઉંડો ઉતરુ ત્યારે તેમને આ વ્યવસાય પ્રત્યેની એક ઉદાસીનતા હોય અથવા મજબૂરીમાં તેઓ આ ગાડું હાંકતા હોય તેવો અનુભવ થાય છે. આપણા ગુજરાતી સાહિત્યમાં એક કહેવત છે કે ; "મન હોય તો માળવે જવાય" અને "ધંધો શોખથી કરીએ તો સુખી થવાય" આ એટલા માટે કહું છું કે ; પશુપાલનના વ્યવસાયને પેશનથી કરવાનો સમય આવી ગયો છે. બેરોજગારીના રોદણાં રોવા એના કરતાં બાપ-દાદાના આ વ્યવસાયને વૈજ્ઞાનિક પધ્ધતિથી એક ફેક્ટરીની જેમ આગળ વધારવા આજે અનેક આવિષ્કારો યુવાનોની રાહ જોઈ રહ્યા છે. એમ્બ્રિયો ટ્રાન્સફર તેમાંનો એક શ્રેષ્ઠ આવિષ્કાર છે. આ ડોઝથી ૮૫ થી ૯૦% પાડી કે વાછરડીના જન્મની સંભાવના વધી જાય છે. તેમજ, આ પધ્ધતિથી જન્મ લીધેલા પશુઓનું દૂધ આપણે આજની તારીખે કલ્પના પણ ના કરી શકીએ તેટલા પ્રમાણમાં વધી જાય છે.

આ ભ્રુણ પ્રત્યારોપણ ટેક્નોલોજી પશુપાલન ક્ષેત્રે શ્ર્વેતક્રાંતિ (White Revolution) ને એક નવા સ્તરે લઈ જશે. આ વૈજ્ઞાનિક આવિષ્કારને આપણે બધા સાથે મળીને અપનાવશું તો, ભવિષ્યમાં ઓછું દૂધ આપતી ગાયો પણ ઉચ્ચ ઓલાદના ભ્રુણ ધારણ કરીને હાઈ - ક્વોલિટી બચ્ચાંને જન્મ આપશે. આના કારણે આગામી પેઢીની તમામ ગાયો રોજનું ૨૦ થી ૪૦ લિટર દૂધ આપવાની ક્ષમતા ધરાવતી હશે. જેનાથી દૂધસાગર તો ઠીક છે પણ, સમગ્ર દેશનું દૂધ ઉત્પાદન વધી જશે. આપણી કાંકરેજ ગાય હોય કે ગીર, સાહિવાલ અને થારપારકર જેવી ઉત્તમ દેશી ગાયો - જે રોગ પ્રતિકારક શક્તિ અને ગરમી સહન કરવામાં શ્રેષ્ઠ છે. તેમની સંખ્યા ખૂબ જ ઝડપથી વધારી શકાશે. જે લુપ્ત થતી નસલો છે તેને બચાવવામાં પણ આ આશીર્વાદરુપ સાબિત થઈ શકશે.

પશુપાલકોએ હવે, વધુ દૂધ મેળવવા માટે આખા તબેલાને સુધારવાની જરુર નહીં પડે. તેઓ સામાન્ય ગાયમાં પણ શ્રેષ્ઠ ભ્રુણ નંખાવીને લાખો રુપિયાની કિંમતની વાછરડીઓ અને પાડીઓ ઘરે બેઠાં પેદા કરી શકશે. જેને વેચીને કે તેનું દૂધ વેચીને મોટી કમાણી કરી શકશે. હવામાન બદલાઈ રહ્યું છે અને ગરમી વધી રહી છે. ભવિષ્યમાં આ ટેક્નોલોજીની મદદથી એવા પશુઓ તૈયાર કરી શકાશે જે બદલાતા વાતાવરણમાં પણ બિમાર પડ્યા વગર સારુ દૂધ ઉત્પાદન આપી શકશે.

મારી દૂધસાગર અને અમૂલ અંગેની જવાબદારીઓના ભાગરુપે જે અભ્યાસ કરવા મને મળ્યો છે એ પ્રમાણે કહું તો, એમ્બ્રિયો ટ્રાન્સફર પધ્ધતિ પશુપાલન ઉદ્યોગ માટે એક ગેમ - ચેન્જર (Game Changer) છે. ભવિષ્યમાં જ્યારે જમીન અને સંસાધનો ઓછા હશે, ત્યારે પણ ઓછા પશુઓ રાખીને પણ વધુમાં વધુ અને ગુણવત્તાસભર દૂધ ઉત્પાદન મેળવવામાં આ વિજ્ઞાન સૌથી મોટો ભાગ ભજવશે.

દૂધસાગર ડેરીના મારા સ્વજન-પશુપાલક મિત્રો અને ખાસ કરીને યુવાનોને મારે એક પ્રાર્થના કરવી છે કે ; પશુપાલનનો વ્યવસાય વિદેશોમાં થતો મેં જોયો છે. અહીં ખેતી અને પશુપાલન કરનારને તો ઉદ્યોગપતિ કરતાં પણ વધુ સન્માનની નજરે જોવાય છે કારણ કે, આ વ્યવસાયને તેઓએ વિજ્ઞાન સાથે સાંકળીને પોતાના કાર્યક્ષેત્રને કોઈ કોર્પોરેટ એકમ હોય તેવું લુક આપ્યું છે. આપણે પણ લઘુતાગ્રંથીમાંથી બહાર આવી - આપણા DNA માં રહેલો આ વ્યવસાય પ્રત્યેનો શોખ ફરી જીવંત કરવાનો છે. અને આ EMBRYO TRANSFER જેવી પદ્ધતિઓ અપનાવી એક નવી દુનિયાનું સર્જન કરી આપણી દૂધસાગરને - દૂધથી છલકાવી દેવાનો યોગ્ય સમય આવી ગયો છે.

એજ આપ સૌનો ...
અશોક બી. ચૌધરી



## દૂધસાગરના ગામડાઓ સુધી પહોંચી અમૂલની મીઠાશ

### ઉમરી, વિઠોડા અને ડભાડ ગામમાં શરુ થયા અમૂલ પાર્લર






ગામડાઓ સુધી અમૂલની ગુણવત્તા, વિશ્વાસ અને સહકારને સમૃદ્ધ બનાવવાના સંકલ્પ સાથે તાજેતરમાં દૂધસાગર ડેરી અને અમૂલના ચેરમેનશ્રી અશોકભાઈ ચૌધરીના વરદ હસ્તે સતલાસણા અને ખેરાલુ તાલુકાના ઉમરી, વિઠોડા અને ડભાડ ગામમાં અમૂલ પાર્લરના શુભારંભ કરવામાં આવ્યા હતા. સતલાસણા તાલુકાના ઉમરી ગામે તેમજ ખેરાલુ તાલુકાના વિઠોડા અને ડભાડ ગામે સ્થાનિક દૂધ ઉત્પાદક સહકારી મંડળી સંચાલિત આ અમૂલ પાર્લરથી ગ્રામ્ય કક્ષાએ અમૂલના શ્રેષ્ઠ ઉત્પાદનો મળવાની સાથે આ સ્થાનિક દૂધ મંડળીઓના સભાસદોને પણ ફાયદો થશે.

આ પ્રસંગે ખેરાલુના ધારાસભ્ય શ્રી સરદારભાઈ ચૌધરી, ડેરીના MD શ્રી ધીરજકુમાર ચૌધરી અને નિયામક મંડળના સભ્યો શ્રી N D ચૌધરી, શ્રી બનેસિંહ પરમાર અને ડો.શ્રી ચિંતન ચૌધરી ઉપસ્થિત રહ્યા હતા.

## હવે, જમ્મુ - કાશ્મીરમાં પણ અમૂલ કરશે સહકારી ક્ષેત્રનો વિકાસ






દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અને ગૃહ તથા સહકારી મંત્રીશ્રી અમિતભાઈ શાહના "સહકારથી સમૃદ્ધિ " ના મંત્ર હેઠળ જમ્મુ-કાશ્મીરના ગ્રામ્ય વિસ્તારોમાં શ્વેતક્રાંતિ દ્વારા રોજગારી વધારવા અને સહકારી ડેરી ક્ષેત્રને આધુનિક ટેક્નોલોજી સાથે નવી ગતિ આપવાના ભાગરુપે અમૂલના ચેરમેન શ્રી અશોકભાઈ ચૌધરી, વાઈસ ચેરમેન શ્રી ગોરધનભાઈ ધામેલીયા અને અમૂલ ફેડરેશનના M D શ્રી જયેનભાઈ મહેતા તથા શ્રી ધીરજકુમાર ચૌધરીએ જમ્મુ-કાશ્મીરના શહેરી તથા ગ્રામ્ય વિસ્તારોની મુલાકાત લીધી હતી. જમ્મુ ખાતે યોજાયેલ "જમ્મુ -કાશ્મીર મિલ્ક ફેડરેશન" ની બોર્ડ બેઠકમાં સમગ્ર રાજ્યમાં દૂધના વ્યવસાયને નવી ગતિ આપવા અને દૂધ સંપાદનનું માળખું સુનિયોજીત કરવા એક્શન પ્લાન ઘડાયો હતો. આ સાથે અમૂલના આ પ્રતિનિધી મંડળે શ્રીનગર પ્લાન્ટ તેમજ બડગામ જીલ્લાના ગુંડ-એ-ખલીલ ગામની મહિલા દૂધ ઉત્પાદક સહકારી મંડળીની મુલાકાત લીધી હતી. પશુપાલક મહિલાઓ સાથે સંવાદ સાધીને દૂધ એકત્રીકરણ અને પશુપાલન પ્રવૃત્તિઓની સમીક્ષા કરી હતી. અમૂલ ફેડરેશનના આ પ્રતિનીધી મંડળે પોતાની આ મુલાકાત દરમ્યાન શ્રીનગર અને કાશ્મીર ઘાટીના અમૂલ ડિસ્ટ્રીબ્યુટર્સ સાથે બેઠક યોજી ગ્રાહકો સુધી શ્રેષ્ઠ અને ગુણવત્તાયુક્ત ઉત્પાદનો પહોંચાડવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.

# સાગરની શીત લહેર


**અશોકભાઈ ચૌધરીના નેતૃત્વમાં સમયાંતરે થયેલો સતત ૧૫ મો ખરીદભાવ વધારો**

## ₹25 ના ખરીદભાવના વધારા સાથે, હવે ચૂકવાશે : 855

## ફેટ અને SNF ના આધારે પૈસા આપનાર દૂધસાગર રાજ્યની પ્રથમ ડેરી બની

**જાન્યુઆરી - 2021 થી જૂન - 2026 સુધી પંદર તબક્કામાં કુલ રુ.205 નો ખરીદભાવ વધારો થયો.**
**25 રુ. ના આ ભાવવધારાથી પશુપાલકોને આંગણે રુ. 10૫ કરોડ વધારે પહોંચશે.**

મહેસાણા દૂધસાગર ડેરીના નિયામક મંડળે ગત સપ્તાહે મળેલી બોર્ડ ઓફ ડિરેક્ટર્સની મિટીંગમાં પશુપાલકો પાસેથી દૂધના ખરીદભાવમાં કિલોફેટે રુ.૨૫ નો વધારો જાહેર કરે છે. અત્યાર સુધી સંઘ દ્વારા કિલોફેટે રુ.૮30 નો ભાવ ચૂકવવામાં આવતો હતો. જે, હવેથી રુ. ૮૫૫ લેખે ચૂકવાશે. તો, ગુજરાતમાં પ્રથમ પંક્તિમાં પોતાનું નામ નોંધાવતાં દૂધસાગર ડેરીએ SNF ના માપદંડને સાચું મૂલ્ય આપતાં હવેથી વધુ SNF ના અલગથી વધારાના પૈસા ચૂકવવાનો ગૌરવસભર નિર્ણય આ BOD માં કર્યો હતો. જેમાં, ગાયના દૂધના SNF - ૮.૫ થી વધુ હોય તો વધારાના પૈસા ચૂકવાશે. તેમજ, ભેંસના દૂધનો SNF - ૯.0 થી વધુ હોય તો વધારાના પૈસા ચૂકવાશે. દૂધની ગુણવત્તા આધારે તેનું મૂલ્યાંકન કરવાના દૂધ સાગર ડેરીના આ નિર્ણયને પશુપાલકોનો ભારે આવકાર પ્રાપ્ત થઈ રહ્યો છે. ઉલ્લેખનીય છે કે ; તા.૧૫-૦૧-૨૦૨૧ ના રોજ શ્રી અશોકભાઈ ચૌધરીના પ્રથમ નિયામક મંડળના પ્રવેશોત્સવથી લઈને આજ સુધી દૂધનો વાર્ષિક ભાવવધારો અને સમયાંતરે થતો ખરીદભાવ અકબંધ રહેવાની સાથે ઉત્તરોઉત્તર નવી ઉંચાઈઓને આંબી રહ્યા છે જેનાથી પશુપાલકોમાં વિશ્વાસનું વાતાવરણ મજબૂત થવા પામ્યું છે.






**સાગર વિકાસયાત્રા**

| | |
|---|---|
| 01-06-2026 | 855 |
| 01-06-2025 | 830 |
| 01-04-2024 | 820 |
| 11-07-2023 | 810 |
| 01-06-2023 | 800 |
| 01-04-2023 | 790 |
| 01-01-2023 | 770 |
| 11-11-2022 | 750 |
| 21-10-2022 | 740 |
| 21-08-2022 | 730 |
| 21-06-2022 | 720 |
| 21-05-2022 | 710 |
| 01-03-2022 | 700 |
| 11-07-2021 | 680 |
| 01-03-2021 | 670 |

મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. વતી ચેરમેનશ્રી તથા નિયામક મંડળ અને મેનેજીંગ ડિરેક્ટરની સલાહ સૂચન મુજબ તંત્રીઃ મહેશ ચૌધરીએ સંકલન, સંપાદન કરી સદર સામયિક પ્રસિધ્ધ કરેલ છે.
આસ્થા ડિજિટલ, મહેસાણા